કેસ પ્રાપ્તી તારીખ–૧૭/૧૦/૨૦૨૨
કેસ દાખલ તારીખ–૧૭/૧૦/૨૦૨૨
કેસ નિર્ણીત તારીખ–૯/૨/૨૦૨૩
અવધીઃ ૦૦ વર્ષ ૦૩ માસ ૨૦ દિવસ

**મે નર્મદા જીલ્લાના સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

**મુ. રાજપીપલા.**

**ક્રીમીનલ રીવીઝન અરજી નંબર–૩૪/૨૦૨૨**

**આંક–**

વિજયભાઈ જયસિંગભાઈ વસાવા
ઉ.આ.વ. ૪૨, ધંધો– ખેતી
રહેવાસી– બાંડીશેરવાણ,
તા. ડેડીયાપાડા, જી. નર્મદા ..............................................**અરજદાર**

**:: વિ રૂ દ્ધ ::**

સરકારશ્રી ........................................**સામાવાળા**

**રીવીઝન**– ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૯૭, ૩૯૯ હેઠળ

---

અરજદાર તરફે વિ.વ.શ્રી **એસ.એ.તડવી**
સામાવાળા સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રી કુ.**વી.આઈ. ભટ્ટ**

---

**:: જ જ મે ન્ટ ::**

(૧) નર્મદા જીલ્લાના ડેડીયાપાડા તાલુકાના બાંડીશેરવાણ ગામે આવેલ કંપાર્ટમેન્ટ નંબર–૩૯૬, પ્લોટ નંબર–ર, હે. ૦૦ આરે ૬૦ ચો.મી. ૦૦ વાળી જંગલ જમીનનો પાક ફરીયાદી તથા અન્ય દશ ઈસમો ઢોરો મુકી ચારી દઈ નુકશાન કરેલાની તથા તેઓના પરિવારવાળા સાથે ઝઘડો કરી ગાળો બોલેલા તેવી ફરીયાદ રાજેશભાઈ રતિલાલ વસાવાએ આપેલી તેમજ ફરીયાદીને બદનામ કરવાના ઈરાદે સમાચારપત્રમાં તથા સોશ્યલ મીડીયામાં ખોટા સમાચાર છપાવેલા અને તેમ કરી ફરીયાદીની બદનામી, બદનક્ષી કરેલ હોવાનું જણાવી ફરીયાદી તરફે ડેડીયાપાડાના વિ. એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી (કે જેમને હવે પછી ' વિ.ટ્રાયલ કોર્ટ' તરીકે સંબોધવામાં આવેલ છે) ની કોર્ટમાં રાજેશભાઈ રતિલાલ વસાવા વિરૂધ્ધ ઈન્ડીયન પીનલ કોડની કલમ–૫૦૦ મુજબના ગુનાની ફરીયાદ તારીખ–૧૦/૧૦/૨૦૨૨ ના રોજ દાખલ કરેલી હતી અને તે કામે ફરીયાદીનું વેરીફીકેશન લઈ તેને પ્રિ–ઈન્કવાયરી નંબર–ર/૨૦૨૨ આપવામાં આવેલો હતો. જે પ્રિ–ઈન્કવાયરીના કામે વિ. ટ્રાયલ કોર્ટે તે જ તારીખ એટલે કે તારીખ–૧૦/૧૦/૨૦૨૨ ના રોજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૩ અન્વયેનો હુકમ કરી ફરીયાદીની ફરીયાદ ડીસમીસ કરેલ છે. જેથી વિ. ટ્રાયલ કોર્ટના સદરહુ તકરારી હુકમથી નારાજ થઈ અરજદાર/ફરીયાદી તરફથી રીવીઝન અરજી તેમાં જણાવેલા કારણોસર દાખલ કરવામાં આવેલી છે અને તેમાં માંગ્યા મુજબ દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે.

(ર) હાલની રીવીઝન અરજી દાખલ કરીને હાલના સામાવાળાને નોટીસ કરવામાં આવેલી છે. જે નોટીસ બજી જતા સામાવાળા સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રી કુ. વી.આઈ. ભટ્ટ હાજર થયેલ છે. હાલની અરજી તથા રજૂ પેપર્સ વંચાણે લેવામાં આવેલ છે. ત્યારબાદ પક્ષકારોની દલીલો સાંભળવામાં આવેલી છે.

(૩) આ કામે અરજદારના વિ.વ.શ્રી એસ.એ. તડવીએ દલીલો કરી જણાવેલ છે કે, સદરહુ જમીનમાં વાવેલ પાક ફરીયાદી ચોરી કરી લઈ જઈ નુકશાન કરેલાની વાત ખોટી છે ખરેખર આવો કોઈ બનાવ બનેલો નથી. રાજેશભાઈ રતિલાલ વસાવાની આવી કોઈ જમીન આવેલી નથી કે તેમાં કોઈ ઢોર ચરાવી ભેલાણ કે નુકશાન કરેલ નથી કે તેઓના પરિવાર સાથે ઝઘડો કરેલો નથી, કોઈ ગાળાગાળી કરેલી નથી તેમ છતાં ખોટી રીતે બદનામ કરવાના ઈરાદે ખોટા સમાચાર છપાવેલા છે તથા સોશ્યલ મીડીયામાં ખોટી વિગતો જાહેર કરેલ છે અને તેમ કરી

રાજેશભાઈ રતિલાલ વસાવાએ ફરીયાદીને બદનામ કરી, બદનક્ષી કરી ગુનો કરેલાનું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે તેમ છતાં વિ. ટ્રાયલ કોર્ટે તે હકીકત ધ્યાને લીધા સિવાય ફરીયાદ કાઢી નાંખતો હુકમ કરેલ છે તે ખોટો, અન્યાયી, રજૂ કરેલ પુરાવા વિરૂધ્ધનો હોઈ વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરી ફરીયાદીની ફરીયાદ દાખલ કરવી જોઈએ. ફરીયાદી તરફેઆંક–૩ ના લીસ્ટથી રજૂ થયેલ પેપર્સ ધ્યાને લીધા વગર વિ. ટ્રાયલ કોર્ટે ફરીયાદીની ફરીયાદ કાઢી નાંખતો હુકમ કરેલ હોઈ તે રદ થવાપાત્ર છે. વિ. ટ્રાયલ કોર્ટે કેસની હકીકત, બનાવ હકીકત, ખરી પરિસ્થિતિ તથા જે બનાવ બનેલ છે તે સઘળી વિગતો ધ્યાને લીધા વગર હુકમ કરેલો હોઈ વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ રદ થવાપાત્ર છે. અરજદારને ખોટી રીતે હેરાન પરેશાન, બદનામ કરતા હોવાથી ભારતીય ફોજદારી ધારાની કલમ–૨૦૯ હેઠળ ફરીયાદ દાખલ કરવી પડેલ છે અને તે અંગેના પેપર્સ, પુરાવા વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરેલ હોવા છતાં તે નહી માની ફરીયાદ ડીસમીસ કરતો હુકમ કરેલ છે તે તદ્દન ખોટો, ગેરકાયદેસર, અન્યાયી છે અને તેમ કરી વિ. ટ્રાયલ કોર્ટે ગંભીર ભૂલ કરેલી છે. રજૂ પેપર્સ જોતા તથા કાયદાકીય જોગવાઈઓ જોતા ગુનો બનતો હોવા છતાં તે નહી માની વિ. ટ્રાયલ કોર્ટે ગંભીર ભૂલ કરેલી વિગેરે તમામ હકીકતો જણાવી વિ. ટ્રાયલ કોર્ટનો  તકરારી હુકમ રદ કરી, હાલની રીવીઝન અરજી મંજુર કરી, તેમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવા દલીલ કરેલ છે.

(૪)   આ કામે સામાવાળા સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓની દલીલ કરી જણાવેલ છે કે, વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ યોગ્ય, વ્યાજબી અને ન્યાયી હોઈ તેમાં અત્રેથી કોઈ હસ્તક્ષેપ કરવાપાત્ર નથી. ક્રીમીનલ પ્રોસીજર કોડ તથા ઈન્ડીયન પીનલ કોડની જોગવાઈઓ જોતા અરજદારે ખોટી વિગતો જોડી ખોટી ફરીયાદ વિ. ટ્રાયલ કોર્ટમાં કરેલ હોવાથી તે વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા ડીસમીસ કરવામાં આવેલ છે અને તેમ કરી વિ. ટ્રાયલ કોર્ટે કોઈ ભૂલ કરેલ નથી. વિ. ટ્રાયલ કોર્ટે જે હુકમ કરેલ છે તે રજૂ થયેલ પેપર્સ, પુરાવા ધ્યાને લઈ કરેલ છે જેથી તેમાં અત્રેથી હસ્તક્ષેપ કરવાને કોઈ કારણ નથી. વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદાકીય જોગવાઈઓ મુજબનો હોઈ તેમાં ફેરફારની આવશ્યકતા નથી. ફરીયાદી તરફે આંક–૩ ના લીસ્ટથી જે કાંઈ પેપર્સ રજૂ કરેલા છે તેનાથી આક્ષેપીત રાજેશભાઈ  રતિલાલ વસાવાની શું  ભૂમિકા હતી તેવું સ્પષ્ટ થતું નથી અગર તો તેના આધારે કોઈ ગુનો બનતો હોવાનું માની શકાય તેમ નથી. વિ. ટ્રાયલ કોર્ટે ફરીયાદ કાઢી નાંખવાના જે તારણો અને કારણો આપેલા છે તેમાં તથ્ય જણાઈ આવે છે. વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદેસરનો, યોગ્ય, વ્યાજબી અને ન્યાયી છે વિગેરે તમામ

દલીલ કરી રીવીઝન અરજી ના–મંજુર કરવા જણાવેલ છે.

(૫) ઉપર મુજબ બંને પક્ષ તરફે થયેલ રજુઆત તથા અરજદારની અરજી, તકરારી હુકમ, પેપર્સ વિગેરે વંચાણે લેતા મારા નિર્ણય માટે નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

૧. શું અરજદાર સાબિત કરે છે કે ડેડીયાપાડાના વિ.એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ પ્રિ–ઈન્કવાયરી નંબર–૨/૨૦૨૨ ના કામે તારીખ–૧૦/૧૦/૨૦૨૨ ના રોજ કરેલ હુકમ અયોગ્ય, ભૂલભરેલો છે ? અને તેમાં અત્રેથી કોઈ હસ્તક્ષેપ અને ફેરફાર કરવાપાત્ર છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદ્દા નંબર–૧ ' **નકારાત્મક** '

૨. મુદ્દા નંબર–૨ '**આખરી હુકમ મુજબ** '

(૭) મારા ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**:: કા ર ણો ::**

(૮) **મુદ્દા નંબર–૧**

હાલની અરજી તથા આ કામે પ્રિ–ઈન્કવાયરી નંબર–૨/૨૦૨૨ ના કામે થયેલ હુકમ તથા ફરીયાદીની ફરીયાદ તથા રજૂ થયેલ પેપર્સ વિગેરે વંચાણે લેવામાં આવેલા છે. રીવીઝન અરજીમાં જણાવેલા કારણો તથા દલીલ ધ્યાને લેવામાં આવેલ છે. કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવામાં આવેલ છે. આ કામે રજૂ પેપર્સ જોતા નર્મદા જીલ્લાના ડેડીયાપાડા તાલુકાના બાંડીશેરવાણ ગામે આવેલ કંપાર્ટમેન્ટ નંબર– ૩૯૬, પ્લોટ નંબર–૨, હે. ૦૦ આરે ૬૦ ચો.મી. ૦૦ વાળી જંગલ જમીનનો પાક ફરીયાદી તથા અન્ય દશ ઈસમો ઢોરો મુકી ચારી દઈ નુકશાન કરેલાની તથા તેઓના પરિવારવાળા સાથે ઝઘડો કરી ગાળો બોલેલા તેવી ફરીયાદ

રાજેશભાઈ રતિલાલ વસાવાએ આપેલાનું, ફરીયાદીને બદનામ કરવાના ઈરાદે સમાચારપત્ર તથા સોશ્યલ મીડીયામાં ખોટા સમાચાર છપાવેલાનું અને તેમ કરી ફરીયાદીની બદનામી, બદનક્ષી કરેલ હોવાનું જણાવી અરજદાર/ફરીયાદી તરફે વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ રાજેશભાઈ રતિલાલ વસાવાની વિરૂધ્ધ ઈન્ડીયન પીનલ કોડની કલમ–૫૦૦ મુજબના ગુનાની ફરીયાદ તારીખ–૧૦/૧૦/૨૦૨૨ ના રોજ દાખલ કરતા, ફરીયાદીનું વેરીફીકેશન લઈ પ્રિ–ઈન્કવાયરી નંબર– ૨/૨૦૨૨ આપી તે જ તારીખે ફરીયાદ કાઢી નાંખતો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૩ અન્વયે કરેલ છે, જે હુકમને આ કામે પડકારેલ છે. રજૂ પેપર્સ જોતા વિ. ટ્રાયલ કોર્ટે તેમના ચૂકાદામાં વિસ્તૃત કારણો આપી અરજદાર/ફરીયાદીની ફરીયાદ ડીસમીસ કરતો હુકમ કરેલ છે.

(૯) વિ. ટ્રાયલ કોર્ટે ફરીયાદીની ફરીયાદ અન્વયે તેઓનું વેરીફીકેશન નોંધેલ છે. ફરીયાદી તરફે વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલા પેપર્સ કે જે આંક–૩ ના લીસ્ટથી આ કામે રજૂ થયેલ છે તે ધ્યાને લઈ હુકમ કરેલ છે. રાજેશભાઈ રતિલાલ વસાવાએ ફરીયાદી વિરૂધ્ધ ડેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં અરજી/ફરીયાદ કરેલાનું જણાવેલ છે પરંતુ તેવી કોઈ ફરીયાદ દાખલ થઈ હોય અને એફ.આઈ.આર. નોંધાયેલ હોય તો તે સબબ કોઈ પુરાવો રજૂ થયેલો નથી. માની લઈએ કે તેવી કોઈ ફરીયાદ દાખલ થયેલ છે તો તે ખરી છે કે ખોટી તે પુરાવાનો વિષય છે અને તે લગત કેસ ચલાવ્યા સિવાય હાલના તબકકે તે ખોટી માની લેવાય નહી તેમજ તેને ખોટી માની ફરીયાદીની બદનક્ષી થયેલાના તારણ ઉપર આ તબકકે આવી શકાય નહી. અરજદાર/ફરીયાદી તરફથી રાજેશભાઈ રતિલાલ વસાવાએ અલગ અલગ સમાચારપત્રોમાં તથા સોશ્યલ મીડીયામાં તેમને ખોટી રીતે બદનામ કરેલાનો આક્ષેપ કરેલ છે અને તે લગત આંક–૩ ના લીસ્ટથી ઝેરોક્ષ નકલો રજૂ કરેલ છે પરંતુ આ કહેવાતા સમાચાર રાજેશભાઈ રતિલાલ વસાવાએ જ છપાવેલ છે કે કેમ ? તે હાલના તબકકે માની શકાય નહી. અરજદાર/ફરીયાદી તરફથી જે સોશ્યલ મીડીયાની સ્ક્રીપ્ટની ઝેરોક્ષ રજૂ કરેલ છે તે પણ રાજેશભાઈ રતિલાલ વસાવાએ જ મુકેલ/મુકાવેલ છે કે કેમ ? તે પણ હાલના તબકકે માની શકાય નહી. આ કામે આંક–૩ ના લીસ્ટથી રજૂ કરેલ પેપર્સમાં કોઈપણ જગ્યાએ ફરીયાદીનું નામ જણાતું નથી કે તેવા પેપર્સ આધારે ફરીયાદીની બદનક્ષી થયેલાનું માની શકાય તેમ નથી. ફરીયાદીની ફરીયાદ હકીકત મુજબ રાજેશભાઈના પિતા તથા ફરીયાદી વચ્ચે રેગ્યુલર દિવાની મુકદ્દમા નંબર–૬૭/૨૦૧૮ થી સીવીલ પ્રોસીડીંગ્સ ચાલતા હોવાનું પણ જણાઈ આવતું હોઈ સીવીલ

તકરાર ચાલતી હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, વિ. ટ્રાયલ કોર્ટ તરફથી સદરહુ કામે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૫૦૦ મુજબના કોઈ આશ્યક તત્વો પુરવાર થતા નથી તેવું જે તારણ આપેલ છે તે યોગ્ય, વ્યાજબી અને ન્યાયી હોવાનું જણાઈ આવે છે. ટુંકમાં વિ. ટ્રાયલ કોર્ટ તરફથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ હેઠળ ફરીયાદીની ફરીયાદ પ્રિ –ઈન્કવાયરીના સ્ટેજે કાઢી નાંખતો જે હુકમ કરેલ છે તે હુકમમાં કોઈ ફેરફાર કે હસ્તક્ષેપ કરવાપાત્ર કોઈ નકકર કારણો જણાઈ આવતી નથી. જેથી આ કામે કેસની હકીકત તથા રજૂ પેપર્સ, વિ. ટ્રાયલ કોર્ટનો ચૂકાદો તથા કાયદાકીય જોગવાઈ જોતા હાલની રીવીઝન અરજી મંજુર કરવા યોગ્ય હોવાનું જણાઈ આવતું નથી. જે સંજોગોમાં હાલની રીવીઝન અરજી મંજુર કરવાપાત્ર ના હોવાથી હાલના કામે મુદ્દા નંબર–૧ નો નિર્ણય " **નકારાત્મક** " આપવામાં આવે છે અને મુદ્દા નંબર–૨ લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. હાલની ક્રીમીનલ રીવીઝન અરજી નંબર–**૩૪/૨૦૨૨** આથી **ના–મંજુર** કરવામાં આવે છે અને ડેડીયાપાડાના વિ. એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ પ્રિ–ઈન્કવાયરી નંબર–૨/૨૦૨૨ ના કામે તારીખ–૧૦/૧૦/૨૦૨૨ ના રોજ ફરીયાદીની ફરીયાદ કાઢી નાંખતો યાને ડીસમીસ કરતો જે હુકમ કરેલ છે તે હુકમ કાયમ કરવામાં આવે છે.

આ હુકમની જાણ વિ. ટ્રાયલ કોર્ટને કરવી અને તે અંગેની જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ તારીખ–૬, ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૬/૨/૨૦૨૩
સ્થળ– રાજપીપળા.

**(અંબાલાલ રણછોડભાઈ પટેલ)**
સેશન્સ જજ, નર્મદા
મું. રાજપીપલા.
**(યુ.આઈ.કોડ નં. જી.જે. ૦૦૪૦૪)**